ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અનુસુચિત જાતિનાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદ્દત વધારવા બાબત.

સંદર્ભ: નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિલ્લો દેવભૂમિ દ્વારકા-જામ ખંભાળીયાનો પત્ર ક્રમાંક નાનિ/અ.જા.ક./પો.મેટ્રીક/૨૦૨૫/૨૦૭૮-૨૦૮૦, તા.૦૩/૦૯/૨૦૨૫.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થી દ્વારા શરતચૂકથી ક્લોઝ કરી દીધેલ હોય તેવા તમામ અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહે તેવા ઉમદા હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરવાની મુદ્દત તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી વધારવામાં આવેલ છે તો આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/શિષ્યવૃત્તિ/૬૩૨/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૫/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫-૨૬૮૧૪૦૦/ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

done.

# નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
## જિલ્લો– દેવભૂમિ દ્વારકા -જામખંભાળીયા

જિલ્લા સેવા સદન,ગ્રાઉંડ ફ્લોર રૂમ નં. સી/જી/૧૧/૧૨ ધરમપુર-લાલપુર રોડ, જામખંભાળીયા
ઇ-મેઇલ dddevbhumi@gmail.com/swo-sjed-khambha@gujarat.gov.in ફોન નં.- ૦૨૮૩૩-૨૩૪૬૦૨

સત્યમેવ જયતે

નં.નાનિ/અ.જા.ક/પો.મેટ્રીક/૨૦૨૫/ ૨૦૭૮-૨૦૮૦ તારીખ:૩/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો
યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ/સંસ્થાઓ,
જિ. દેવભૂમિ દ્વારકા.

વિષય :-વર્ષ:- ૨૦૨૫-૨૬ ની ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અરજી કરવાની મુદ્દત વધારવા બાબત. (તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫)

સંદર્ભ:- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૩૦/૦૮/૨૦૨૫ના પત્ર નં.અજાક/ગ-૧/૬/૨૦૨૫-૨૬/૩૬૮૮-૩૭૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ :- ૨૦૨૫-૨૬ માં જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિધાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિધાર્થીથી શરતચુકથી ક્લોઝ કરી દીધેલ હોય, આવા તમામ અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિધાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ:- ૨૦૨૫-૨૬ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરવાની મુદ્દત **તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫** સુધી લંબાવવામાં આવેલ છે.

આમ, ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ આપશ્રીની શાળા/કોલેજ/સંસ્થામાં અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા અને ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ તમામ વિધાર્થીઓને શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાની જાણ કરવા વિનંતી છે. આ બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગે સઘળી જવાબદારી આપની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

(એચ.આર.ઠોસાણી)
નાયબ નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ
દેવભૂમિ દ્વારકા

નકલ સવિનય રવાના-

૧) માન.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર. તરફ જાણ સારુ.
૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જી.વી.જે. હાઇસ્કુલ કેમ્પસ, મુ.તા.ખંભાળીયા જિ. દેવભૂમિ દ્વારકા
/-આપશ્રીની કક્ષાએથી તમામ શાળાઓને જરૂરી સુચના થઇ આવવા સારૂ.
૩) કુલ સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જિ.જુનાગઢ.
/-આપશ્રીની કક્ષાએથી તમામ કોલેજોને જરૂરી સુચના થઇ આવવા સારૂ.

GENERAL REGISTER
Inward No. 3877
Date 10/9/25

Academic Department
Inward No. 1104
Date 11/09/2025